DCO-1601010101062201 Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) (W.E.F. 2016) Examination

**July – 2022**

## Gujarati : Paper - 22

*(અપઠિત) (Old Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** દરેક પ્રશ્નનાં ગુણ સરખા છે. જે પ્રશ્નનો જમણી બાજુના દર્શાવ્યા છે.

**1** નીચેના કાવ્યોનો આસ્વાદ કરાવો : **14**

ચલ મન મુંબઈનગરો,
જોવા પુચ્છ વિનાનો મગરો.
જ્યાં માનવ સૌ ચિત્રો જેવા,
વગર પિછાને મિત્રો જેવા,
નહીં પેટી નહીં બિસ્ત્રો લેવાં,
આ તીરથનો જાત્રા છે ના અઘરી !
સિમેન્ટ, ક્રાંક્રીટ, કાચ, શિલા
તાર, બોલ્ટ, રિવટે, સ્ક્રૂ, ખીલા
ઈન્દ્રજાલની ભૂલવે લીલા
એવી આ શું હોય સ્વર્ગની સામગ્રી !

રસ્તે રસ્તે ઉગે ઘાસ
કો પરવાળાં બાંધે વાસ
તે પહેલા જોવાનો આશ
હોય તેને તો કાળ રહ્યો છે કગરો !

- નિરંજન ભગત

**અથવા**

સાંઈ, તને જો રંગનો સમજણ લગીર હોત
તું યે વણે છે વસ્ત્ર તો તું પણ કબીર હોત.
ફાકા કરે છે મોજથી ફાકી લે આગને
તેઓ જ ફૂંકી દઈ શકે પોતાના બાગને
જેઓ વિચા વિનાનું જીવે છે તે અનન્ય છે.
બાકી તો કેદીઓ જ છે, મૂઢો છે, વન્ય છે.
કિસ્સાના કદને માપતો વિધ વિધ રીતથી
માણસ મથ્યા કરે છે અધૂરા ગણિતથી
અંધાપો ખાય ઠોકરો પીવે અને જીવે
માણસનું એ નસીબ છે કે મતિથી બીવે
આવો રમેશ સ્વપ્નમાં એવો થઈ ગયો
નખશિખ એ ગુલાબનો જથ્થો બની ગયો.

- **રમેશ પારેખ**

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 14

આજે દરેક જણ કેળવણીને અંતે સરસ 'કરીઅર' પ્રાપ્ત થાય એમ ઈચ્છે છે. 'કરીઅર'નો ખ્યાલ રાખવો એમાં કશું ખોટું નથી, પણ 'કરીઅર' બે જાતના હોય છે. 'કરીઅર' મરદાની પણ હોય છે અને સ્ત્રૈણ પણ હોય છે. જેમાં મહત્વાકાંક્ષા હોય છે, જેમાં મેળવવાની અને ગુમાવવાની હિંમ્મત હોય છે. જેમાં સંકટ સામે ઝઝૂમવામાં જ નિરતિશય આનંદે પામવાની વૃત્તિ હોય છે. જેમાં મરીને કીર્તિરૂપે જીવવાની લાલસા હોય છે. એવી 'કરીઅર' તે મર્દાની 'કરીઅર' જાન જાય પણ ઈમાન ન જાય. ગરીબી ભલે આવે પણ નૂર ન ગુમાવાય, મહેનત ભલે કરવી પડે પણ અન્યાયનો રોટલો તો ન જ ખવાય. એવો સ્વભાવ તે મરદાની સ્વભાવ. મરદાની કેળવણીનો પ્રથમ સિદ્ધાંત એ હોવો જોઈએ કે મહેનત કરવા તૈયાર નથી. તે પંડિત ન બની શકે. કેળવણી લેવા માટે ધન આપવું જરૂરી નથી પણ મહેનત તો આપવી જ પડે. કેળવણીને પરિણામે માણસ અનેક જાતની આવડત મેળવે છે. જોખમ વગર જીવવાની આવડત હરગી જ ન કેળવાય. કેમકે જોખમ એ જ જીવનનું રહસ્ય છે. જોખમ સામે લડવું એમાં જ વીરતા છે.

- કાકા કાલેલકર

**અથવા**

માણસના મનની અંદર બે બારીઓ રહેલી છે. એકમાંથી પોતે કેવો છે જોઈ શકે છે. બીજીમાંથી પોતે કેવો હોવો જોઈએ તેનો ખ્યાલ આવી શકે છે. શરીર, મગજ અને મન એ બધા નોખા નોખા તપાસવા એ આપણું કામ છે. પણ તેટલેથી જ અટકી જઈએ તો એનું જ્ઞાન મેળવ્યાં છતા આપણે કંઈ ફાયદો મેળવી શકીશું નહીં. અન્યાય, દુષ્ટતા, અભિમાન વગેરેથી શું પરિણામ આવે છે. અને જ્યાં એ ત્રણે વસ્તુ હોય છે ત્યાં કેવી ખરાબી થાય છે. એ જાણવાની પણ જરૂર છે. આચરણ વગરના નીતિ વિચાર એ ચણતર વિનાના આર્કિટેક્ટના નકશા જેવો છે. નીતિનો માત્ર વાતો કરનારા કે તેને આ લોકમાં અવ્યવહારું માનનારાની દૃષ્ટિ વખાણવાલાયક ન ગણાય. સંપૂર્ણ થવા માટે માણસે ગમે તે ભોગે નીતિમય આચરણ કરવું જોઈએ.

- **ગાંધીજી**

3 નીચેનામાંથી કોઈ એક નિબંધ લખો : 14

(1) વૈશાખી બપોર

(2) આપ ભલા તો જગ ભલા.

4 નીચેનામાંથી કોઈ પણ એક નિબંધ લખો : 14

(1) ફાટેલાં પુસ્તકની આત્મકથા

(2) રાષ્ટ્રની સાંપ્રત પરિસ્થિતિમાં આપણું યોગદાન.

5 ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે) 14

(1) ઓનલાઈન શિક્ષણની સમસ્યાઓ

(2) આપણું ગુજરાત આગવું ગુજરાત

(3) દહેજ : એક સાંસ્કૃતિક દૂષણ

(4) સમાજનો સાહિત્ય પર પ્રભાવ